# મેચ ફિક્સીંગ મામલામાં ઉંડી તપાસનો સિલસિલો જારી

નવી દિલ્હી,તા. ૨૪

સ્પોટ ફિક્સીંગના મામલામાં ઊંડી તપાસ ચાલી રહી છે. આવી સ્થિતિમાં દિલ્હી પોલીસના કમીશનર નીરજ કુમારે એવો દાવો કરીને ખળભળાટ મચાવી દીધો છે કે આઈપીએલ સ્પોટ ફિક્સીંગમાં વધુ ખેલાડીઓ સંડોવાયેલા છે. ટૂકંમાં તમામના નામ જાહેર કરવામાં આવી શકે છે. બીજીબાજુ દિલ્હીના પોલીસ કમિશનરના નિવેદન ઉપરાંત સ્પોટ ફિક્સીંગમાં ઝડપાઈ ગયેલા વિંદુએ પુછપરછ દરમિયાન ત્રમ ટોચના ખેલાડીઓના નામ પણ આપ્યા છે જેમની સાથે તેના સારા સંબંધ હોવાનો દાવો કરવામાં આવ્યો છે. વિંદુએ કહ્યુ છે કે ટીમ ઈન્ડિયાના ખેલાડી હરભજનસિંહ, વિરાટ કોહલી સાથે પણ તેના ખૂબ સારા સંબંધ છે. વિંદુએ ચેન્નાઈ સુપરના ત્રણ ખેલાડીઓ સાથે સંપર્ક હોવાની વાત કરી છે. તેના દાવામાં કેટલી વાસ્તવિકતા છે તેના આધાર પર તપાસ ચાલી રહી છે. જો આમાં શંકા લાગશે તો કોહલી અને હરભજન સહિતના ચેન્નાઈ સુપરનાત્રણ ખેલાડીઓની પણ



પુછપરછ કરવામાં આવી રહી છે. હાલમાં માત્ર શંકા સેવાઈ રહી છે. ગુપ્ત તપાસના ભાગરૂપે હજુ સુધી નામ જાહેર કરવામાં આવી રહ્યા નથી. નીરજ કુમારનું કહેવું છે કે જુદી જુદી આઈપીએલ ટીમના ખેલાડીઓ સ્પોટ ફિક્સીંગ કાંડમાં સામેલ છે. એક અગ્રણી ટીવી ચેનલ સાથેની વાતચીતમાં નીરજ કુમારે કહ્યું હતું કે એસ શ્રીસંત, અજીત ચંડીલા અને અંકિત ચૌહાણ કરતા વધુ ખેલાડીઓની નક્કર સંડોવણીની પણ પુરાવા તેમની પાસે રહેલા છે. રાજસ્થાન રોયલ્સના આ ત્રણ ખેલાડીઓ ઝડપાઈ ગયા બાદ અન્ય ઘણા બુકી અને ભૂતપૂર્વ ખેલાડીઓ તથા અધિકારીઓ આઈપીએલના સંકંજામાં આવી ચૂક્યા છે. આઈપીએલ-૬ના સ્પોટ ફિક્સીંગમાં આ તમામની ધરપકડ કરવામાં આવી હતી. ગયા સપ્તાહમાં સ્પોટ ફિક્સીંગ કૌભાંડનો પર્દાફાશ કરવામાં આવ્યા બાદથી સંકંજો મજબૂત બનાવવામાં આવી રહ્યો છે. દરમિયાન અજીત ચંડીલાને આઈપીએલ-૬માં સ્પોટ ફિક્સીંગ માટે એક બુકી દ્વારા ૧૨ લાખ રૂપિયા ચૂકવવામાં આવ્યા હતા. જો કે મેચોને ફિક્સ કરવામાં સફળતા મળી ન હતી. કારણ કે ચંડીલા ઘણી મેચોમાં રમી શક્યો ન હતો. ચંડીલાને ચાર-ચાર લાખ રૂપિયાના ત્રણ ચેક આપવામાં આવ્યા હતા જે પૈકી બે બાઉન્સ થયા હતા. સમજૂતી હેઠળ વચન પાળવામાં નિષ્ફળ રહેતા આ નાણાંની રકમની ચૂકવણી રોકી દેવામાં આવી હતી. સૂત્રોનું કહેવું છે કે પોલીસે સ્પોટ ફિક્સીંગ કૌભાંડના સંબંધમાં કેટલાક લોકો સામે લૂક આઉટ નોટિસ જારી કરી છે. રાજસ્થાન રોયલ્સને આવરી લેતી તમામ મેચોના કાચા ફોટાઓ ઉપલબ્ધ કરાવવા સત્તાવાર બ્રોડ કાસ્ટર સેટ મેક્સને પણ આદેશ આપવામાં આવ્યો છે. તપાસકારોનો દાવો છે કે બુકીમાંથી ફિક્સર બનેલા સુનિલ ભાટિયાએ ગયા વર્ષે ઓફ સ્પીનરને નાણાં ચૂકવ્યા હતા. સૂત્રોના જણાવ્યા મુજબ ગયા વર્ષે ચંડીલા ત્રણથી ચાર મેચો રમી શક્યો ન હતો. હાલમાં સ્પોટ ફિક્સીંગ મામલામાં ચંડીલાની ઓળખ ભાટિયા સમક્ષ કરાવનાર બાબુરાવ યાદવની પણ ધરપકડ કરવામાં આવી ચૂકી છે.

## ગુરૂનાથ મયપ્પન અને બુકીઓ વચ્ચેના સંબંધો ઘણાં જુના છે

નવીદિલ્હી, તા. ૨૪

ઈન્ડિયન પ્રિમિયર લીગની તાજેતરની આવૃત્તિમાં સ્પોટ ફિક્સીંગના મામલે વિવાદોના વર્તુળમાં ઘેરાઈ ગયેલા ફ્રેન્ચાઈઝી ટીમ ચેન્નાઈ સુપર કિંગ્સના સીઈઓ ગુરૂનાથ મયપ્પનની મુશ્કેલીમાં સતત વધારો થઈ રહ્યો છે.

બીસીસીઆઈ ચીફ એન. શ્રીનવાસનના પુત્ર અશ્વિને ખુલાસો કર્યો છે કે મયપ્પન દુબઈ અને ચૈન્નઈના બુકીઓ સાથે સંબંધ ધરાવે છે. અત્રે ઉલ્લેખનીય છે કે મયપ્પન બીસીસીઆઈ ચીફના શ્રીનિવાસનના જમાઈ છે.

અશ્વિનએ જણાવ્યું હતું કે મયપ્પન આઈપીએલ-૬ શરૂ થયા પહેલા જ બુકીઓ સાથે સંપર્કમાં હતો. અશ્વિને એવો પણ આરોપ મુક્યો હતો કે મેયપ્પન દુબઈ અને ચૈન્નઈના બુકીઓ સાથે સંબંધ છે. તેમજ તે સતત તેમના સંપર્કમાં છે. આ સંબંધો ઘણાં જુના છે.

બીજીબાજુ મુંબઈ પોલીસની ક્રાઈમબ્રાંચે મયપ્પનને સોમવાર સુધીનો સમય આપવાનો સ્પષ્ટ ઈન્કાર કરી દીધો હતો. મયપ્પને મુંબઈ પોલીસને પત્ર લખીને હાજર થવા માટે સોમવાર સુધીનો સમય માંગ્યો હતો. સ્પોટ ફિકસીંગના મામલે મુંબઈ પોલીસે મયપ્પનને હાજર થઈ જવાનો આદેશ આપી દીધો હતો.

મુંબઈ પોલીસે આઈપીએલ સટ્ટાબાજી પ્રકરણમાં મયપ્પની પુછપરછ કરવા માટે સમન્સ પણ પાઠવ્યો હતો.

અપરાન શાખાના સૂત્રોએ નામ જાહેર ન કરવાની શરતે જણાવ્યું હતું કે આ ઘટનાક્રમમાં ધરપકડ કરાયેલ અભિનેતા વિંદુ સાથે મયપ્પન સતત સંપર્કમાં હોવાને કારણે પોલીસ તેમની પુછપરછ કરવા માંગે છે. વિંદુ અને મયપ્પન વચ્ચે પણ ગાઢ સંબંધો હોવાનું જાણવા મળ્યું છે. ચૈન્નાઈ સુપર કિંગ્સનો કોઈપણ ખેલાડી કે અન્ય વ્યક્તિ તપાસના દાયરામાં નથી.

## પાકિસ્તનાની જેલમાંથી ૪૫ માછીમારો મુક્ત કરાયા

ઈસ્લામાબાદ, તા. ૨૪

પાકિસ્તાને આજે ભારત તરફ સદ્ભાવના દર્શાવાવના પગલા હેઠળ ૪૫ માછીમારોને મુક્ત કરી દીધા છે. પરંતુ ભારતીય અધિકારીઓને તેની સુચના નહીં મળવાને કારણે તેમની મુક્તિ પર હજુ પણ ભ્રહ્મની સ્થિતી બનેલી છે.

૪૫ માછીમારોને કરાંચીની એક જેલમાંથી મુક્ત કરીને એક બસમાં બેસાડવામાં આવ્યા હતા. જે તેમને પુર્વના શહેર લાહોર લઈ જશે.


સત્તાવાર સૂત્રોએ જણાવ્યું હતું કે પાકિસ્તાનના અધિકારીઓએ ભારતીય હાઈ કમાન્ડને તેમની મુક્તીની સુચના આપી ન હતી. સુત્રોએ જણાવ્યું હતું કે આમાંથી ઘણા માછીમારોની ઓળખ સત્યાપિત થઈ શકી નથી. ઘણા કેદીઓએ પોતાની જેલની સમય મર્યાદા પુરી કરી નથી.

પાકે જણાવ્યું હતું કે આ માછીમારો શનિવારે વાઘા સરહદ પરથી ભારતમાં દાખલ થાય તે પહેલા આ અનેક પ્રકારની ઔપચારિક્તા પુર્ણ કરવાની બાકી છે. સૂત્રોએ જણાવ્યું હતું કે જો આ ઔપચારિક્તા પુર્ણ કરવામાં નહીં આવે તો કેદીઓ સરહદ પાર કરી શકશે નહીં. ટેલિવીઝન ફુટેજમાં આ માછીમારોને કરાંચીની મલિર જેલમાંથી નિકળીને બસમાં ચઢતા બતાવાયા હતા. અત્રે ઉલ્લેખનિય છે કે સાતમી મેએ પાકિસ્તાનના કાર્યવાહક વડાપ્રધાન મીર હજાર ખાન ખોસોએ જાહેરાત કરી હતી કે પાકિસ્તાન ૫૧ ભારતીય માછીમારોને મુક્ત કરશે જેમણે પોતાની કેદની સજા પુરી કરી લીધી છે. પાકિસ્તાને પાછળથી આ સંખ્યા ઘટાડીને ૪૯ કરી હતી, પછીથી ૪૫ માછીમારોને મુક્ત કરવાની જાહેરાત કરી હતી.

## સંસદની કામગીરી ખોરવાઈ જવાથી રાષ્ટ્રપતિ ભારે દુ:ખી

શિમલા,તા. ૨૪

રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીએ આજે સાફ શબ્દોમાં કહ્યુ હતુ કે સંસદની વારંવાર કામગીરી ખોરવાઈ જવાના કારણે કારોબારને માઠી અસર થઈ રહી છે. વેપારી પ્રવૃત્તિને નુકસાન થઈ રહ્યુ છે. સંસદમાં બિનજરૂરીરીતે ધાંધલ ધમાલ યોગ્ય નથી. આ સમસ્યાનો ઉકેલ શોધી કાઢવા રાજકીય પક્ષોને રાષ્ટ્રપતિએ અપીલ કરી હતી જ્યારે સંસદીય પ્રક્રિયા અને રાજ્ય વિધાનસભાની પ્રક્રિયામાં ભારે ધાંધલ ધમાલ થાય છે ત્યારે મને ખુબ દુ:ખ થાય છે. કોઈ પણ કામગીરી વગર ગૃહને મોકુફ કરવામાં આવે ત્યારે વધારે દુ:ખ થાય છે. હિમાચલપ્રદેશ વિધાનસભાની સુવર્ણજયંતિ



ઉજવણી પ્રસંગે સંબોધન કરતા રાષ્ટ્રપતિએ કહ્યુ હતુ કે હાલના દિવસોમાં ચર્ચાની સથે એક નવી પરંપરા ચાલી રહી છે. સંસદીય લોકશાહીમાં ખલેલની કોઈ પણ ભૂમિકા હોવી જોઈએ નહીં. વારંવાર સંસદની કાર્યવાહીમાં ખલેલ ખૂબજ ખતરનાક અને નુકસાનકારક છે. દેશમાં ખુબજ મહત્વપૂર્ણ ગણાતા ફાઈનાન્સ બિલ પર યોગ્ય ચર્ચા હાથ ધરી શકાઈ નથી. તેમણે એમ પણ કહ્યુ હતુ કે ૩૦થી ૩૫ ટકા સંસદનો સમય નાણા અને ફાઈનાન્સના મુદ્દા પર જોડાયેલો હોય છે. તેમણે ઉમેર્યુ હતુ કે સાંસદો અને ધારાસભ્યો પાસે ખર્ચની ચકાસણી કરવાનો સમય હોતો નથી. લોકોએ ચૂંટીકાઢેલા સભ્યોએ તેમની જવાબદારી અને ફરજ યોગ્યરીતે અદા કરવી જોઈએ. જો એમે અમારી જવાબદારી યોગ્યરીતે અદા કરીશું નહીં તો સારી રીતે બોલવાની પણ તક મળશે નહીં.

વારંવાર ખેલલની પ્રક્રિયાનો છોડીને યોગ્ય ઉકેલ શોધી કાઢવા તેમણે અપીલ કરી હતી. ભારતીય રાજકીય વ્યવસ્થાને તેમણે ખુબજ વિશ્વાસ હોવાની કબૂલાત પણ કરી હતી.મોડેથી રાષ્ટ્રપતિએ પ્રતિષ્ઠીત ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ એડવાન્સ સ્ટડી ખાતે ટાગોર સેન્ટરનું ઉદ્ઘાટન કર્યુ હતુ.

## ફિક્સીગં પર અંકુશ મુકવા કઠોર કાયદાની માંગ કરાઈ

નવી દિલ્હી,તા. ૨૪

ભારતીય ક્રિકેટને હચમચાવી મુકનાર સ્પોટ ફિકસીંગના મામલા વચ્ચે આઈપીએલના અધ્યક્ષ રાજીવ શુક્લા અને અરૂણ જેટલીએ આજે કાયદા પ્રધાન કપિલ સિબ્બલ સાથે વાતચીત કરી હતી અને વહેલીતકે ફિક્સીંગ પર પ્રતિબંધ મુકી શકાય અને તેના પર અંકુશ મુકાય તેવા કાયદો લાવવાની વાત કરી હતી શુક્લાએ બેઠક બાદ પત્રકારો સાથે વાતચીત કરતા જણાવ્યું હતુ કે બીસીસીઆઈના નાયબ અધ્યક્ષ અને શિસ્ત સમિતીના અધ્યક્ષ અરૂણ જેટલી અને તેઓ પોતે કાયદા પ્રધાન સાથે વાતચીત કરી ચુક્યા છે. મેચ ફિક્સીંગ પર અંકુશ મુકવા માટે વધુ કઠોર કાયદા લાવવાની અપીલ કરવામાં આવી છે. તેમણે ઉમેર્યુ હતુ કે અમે આ પહેલનું સ્વાગત કરી રહ્યા છીએ. આરોપીઓને ખુબજ કઠોર સજા કરવામાં આવે તેવી રજુઆત પણ કરવામાં આવી હતી. વહેલીતકે કાયદો લાવવામાં આવે તેવી ઈચ્છા વ્યસ્ત કરવામાં આવી હતી. યોગ્ય કાયદો નહીં હોવાના કારણે કેટલાક ક્રિકેટરો અને સંબંધિત લોકો ફાયદો લઈ રહ્યા છે. શુક્લાએ એમ પણ કહ્યુ હતુ કે ટૂંક સમયમાં રમતગમત પ્રધાન જીતેન્દ્રસિંહ સાથે પણ વાતચીત કરવામાં આવશે કારણ કે જીતેન્દ્રસિંહ પોતે પણ કઠોર કાયદો લાવવાની વાત કરી ચુક્યા છે. કાયદો બનાવવા માટે તમામ પક્ષો એક સાથે આવે તેવો સંકેત પણ આપવામાં આવ્યો છે. આઈપીએલ પર પ્રતિબંધ મુકવાની માંગણી પણ શરૂ થઈ ચુકી છે. સ્પોટ ફિકસીંગ મામલામાં રાજસ્થાન રોયલ્સના ત્રણ ખેલાડીઓ સકંજામાં આવ્યા બાદ સમગ્ર કૌભાંડનો પર્દાફાશ કરાયો હતો.

**સેન્સેકસ સુધરીને ૧૯૭૦૪ની સપાટીએ**

## બજારમાં મંદી પર બ્રેક : ફરી ૩૦ પોઈન્ટનો નજીવો સુધાર

મુંબઈ,તા. ૨૪

શેરબજારમાં આજે છેલ્લા ચાર દિવસથી ચાલી રહેલી મંદી પર બ્રેક મુકાઈ હતી. આની સાથે જ કારોબારીઓને આંશિક રાહત થઈ હતી. કારોબારના અંતે સેન્સેક્સ ૩૦ પોઈન્ટ સુધરીને ૧૯૭૦૪ની સપાટીએ રહ્યો હતો જ્યારે નિફ્ટી ૧૭ પોઈન્ટ સુધરીને ૫૯૮૪ની સપાટીએ રહ્યો હતો. ખાનગી બેંકોના શેરમાં સ્થિતિ સારી રહી હતી. એલએન્ડટી અને તાતા સ્ટીલના શેરમાં રિકવરી જોવા મળી હતી. આજે એફઆઈઆઈ દ્વારા ગઈકાલના દિવસે ૩૧૬.૨૩ કરોડની કિંમતના શેરની ખરીદી કરવામાં આવી હતી. એશિયન બજારમાં પણ આજે ઉથલપાથલની સ્થિતિ રહી હતી. બીએસઈ કેપિટલ ગુડ્સમાં ૧.૬ ટકાનો ઉછાળો રહ્યો હતો. લાર્સન એન્ડ ટુબ્રોમાં ૨.૭ ટકાનો સુધારો જોવા મળ્યો હતો. કન્ઝ્યુમર ડ્યુરેબલ ઈન્ડેક્સમાં ૧.૮ ટકાનો સુધારો થયો હતો. આ ઉપરાંત મેટલ, રિયાલિટી, બેકેક્સ અને પાવર ઈન્ડેક્સમાં ૧ ટકાનો સુધાર થયો હતો. હેલ્થકેર ઈન્ડેક્સમાં ૧.૩ ટકાનો ઘટાડો રહ્યો હતો. માર્કેટ બ્રિડથ તટસ્થ રહી હતી. ૨૪૩૪ શેરમાં કારોબાર થયો હતો જે પૈકી ૧૧૮૯ શેર તેજીમાં અને ૧૦૯૮ શેર મંદીમાં રહ્યા હતા. આજે સવારે શેરબજારમાં ઘટાડાનો દોર જારી રહ્યો હતો. જો કે અંતે બજારમાં તેજી પરત ફરી હતી. અગાઉના ચાર સેશનમાં ૬૧૨ પોઈન્ટ ગુમાવી દેનાર સેન્સેક્સમાં આજે સુધાર થયો હતો. ભારતના નાણાંમંત્રી પી ચિદમ્બરમ્ ગઈકાલે જ રોકાણકારોને ખાતરી આપી હતી કે ભારતીય શેરબજાર સાથે જોડાયેલા કારોબારીઓને ચિંતિત થવાની જરૂર નથી. બહારના પરિબળોની અસર વધારે થશે નહીં. જો કે તેમને એમ પણ કહ્યું હતું કે ફેડરલ રિઝર્વના પગલાંને ખોટી રીતે રજૂ કરવામાં આવ્યા છે. ભારતીય સ્થિતિ મુજબ મૂલ્યાંકન કરવા કારોબારીઓને ચિદમ્બરમ્ કહ્યું હતું. અમેરિકી ડાઉજોન્સ ઈન્ડસ્ટ્રિયલ એવરેજમાં ગઈકાલના કારોબાર દરમિયાન ઉદાસીન સ્થિતિ રહી હતી.

## સલમાન ખુરશીદ સાઉદી અરેબિયાના પ્રવાસ પર

નવીદિલ્હી, તા. ૨૪

વિદેશમંત્રી સલમાન ખુરશીદ વિવાદાસ્પદ 'નિતાકત કાનુન, ઉર્જા સુરક્ષા અને આતંકવાદ'નો સામનો કરવા માટેના સહયોગ સહિત વિભિન્ન મુદ્દા પર વાતચીત કરવા માટે સાઉદી અરેબિયાના સત્તાવાર પ્રવાસે જવા રવાના થઈ ગયા છે. છેલ્લા પાંચ વર્ષમાં ભારતીય વિદેશ મંત્રીનો આ પ્રથમ સાઉદી અરેબિયાનો પ્રયાસ છે.

સલમાન ખુરશીદ ૨૪થી ૨૭ મે દરમિયાન સાઉદી અરેબિયામાં સહજાદા સઉદ અલ ફૈઝલ સાથે દ્વિપક્ષીય, ક્ષેત્રિય અને આંતરરાષ્ટ્રિય મુદ્દાઓ પર વાતચીત કરશે. ત્યાં તેઓ સાઉદી અરેબિયાના નેતાઓને પણ મળશે. નિતાકત કાનુન હેઠળ ત્યાંની કંપનીઓ માટે દરેક ૧૦ વિદેશી કામ કરનાર વ્યક્તિની સામે ઓછામાં ઓછા એક સાઉદી અરેબિયાના નોકરી આપવાનું અનિવાર્ય બનાવી દેવાયું છે.

## અનામત પર પ્રતિબંધની અરજી સુપ્રીમમાં દાખલ

નવીદિલ્હી,તા. ૨૪

છેલ્લાં ૬૨ વર્ષોથી દેશમાં જાતિવાદી અનામત ઉપર પ્રતિબંધ ધરાવતી અરજીનો સુપ્રીમ કોર્ટે સ્વીકાર કરી લીધો છે જેની સુનાવણી પહેલી જુલાઈનાં રોજ કરવામાં આવશે. સુપ્રીમ કોર્ટમાં રાજદુલાર ઝા નામનાં એક શખ્સે આ અરજી દાખલ કરી છે. તેણે જણાવ્યું હતું કે, દેશની ૫૪૩ સંસદીય સીટોમાં ૧૨૬ સીટો અનુસુચિત જાતિ અને અનુસુચિત જનજાતિ માટે અનામત છે જ્યારે વિધાનસભામાં કુલ ૪૯૨૦ સીટોમાંથી ૧૧૫૫ વિધાનસભા સીટો અનુસુચિત જાતિ અને જનજાતિ માટે અનામત છે. આ બાબતનો હેતુ જેઓ ખરા અર્થમાં દલિત છે તેમને લાભ આપવાનો છે પરંતુ ઉપરોક્ત મુદ્દામાં મોટાભાગના આર્થિક રીતે સંપન્ન અને ઉચ્ચ કક્ષાની સગવડો ધરાવતાં પરિવારો જ અનામતનો લાભ ઉઠાવે છે અને ત્યારબાદ ચૂંટણી લડવામાં સફળ થાય છે. આ કારણે દેશનાં દલિતો આર્થિક અને સામાજિક ક્ષેત્રે પછાત રહ્યાં છે અને તેમની પરિસ્થિતિ જ્યાં છે ત્યાં તેવી જ બની રહી છે જેનાં કારણે દલિતોને કોઈપણ પ્રકારનો ફાયદો મળતો નથી જેનાં તેઓ હકદાર છે. આવા દલિતોની સંખ્યા ૯૫ ટકાથી પણ વધારે છે. દલિતો પ્રત્યે આ એકતરફી અન્યાય છે અને કાયદાનો દુરુપયોગ છે. રાજદુલારે તેની અરજીમાં વધુમાં જણાવ્યું છે કે, દલિતો પર થઈ રહેલાં અન્યાય અને કાયદાનો દુરુપયોગ કરી જાતિવાદી અનામત પર પ્રતિબંધ જરૂરી છે ત્યારપછી જ દલિતોને તેમનો સાચો અધિકાર પ્રાપ્ત થશે. સુપ્રીમ કોર્ટ દ્વારા રાજદુલારની આ અરજીનો સ્વીકાર કરી લેવામાં આવ્યો છે. કોર્ટમાં દાખલ કરવામાં આવેલી આ અરજીની સુનાવણી પહેલી જુલાઈનાં રોજ નિર્ધારિત કરવામાં આવી છે.


## સમાચાર ઝલક

- મેચ ફિક્સીંગમાં સામેલ હોવાનો ડોન દાઉદનો સ્પષ્ટ ઈન્કાર.
- રાજયમાં રૂ. ૧૫ લાખની કિંમતનું બનાવટી ઘી ઝડપાયું.
- ઓસ્ટ્રેલિયામાં સાગરકિનારે એક લીંબુ સવાસો રૂપિયામાં મળે છે. મોંઘવારીનો માર જનતા સહન કરે છે.
- મુંબઈમાં નવ જીવન હાર્ટ એન્ડ કેન્સર કેર હોસ્પિટલ દ્વારા ૧૦૦ પથારીની ક્ષમતાનું થનારું નિર્માણ.
- શ્રી નિવાસનના જમાઈ ફરાર થતાં બોર્ડ અને પોલીસ સ્તબ્ધ.
- સલમાનખાન ટુંક સમયમાં લગ્ન કરશે. રોમાનિયાની ટી.વી. એન્કર સાથે કરશે.
- મધ્યપ્રદેશમાં આંગણવાડીમાં કામ કરતી માતાની દિકરી રાજયભરમાં પ્રથમ.
- અમદાવાદમાં દેશની પ્રથમ યોગા યુનિવર્સિટીનો પ્રારંભ.
- લાલપુરમાં મેમાણામાં સૌ પ્રથમ ડચ ગુલાબની ખેતી.
- દેશભરમાં સટ્ટા બુકીઓ પર ભારે પોલીસ સંકજો.
- વીણા મલિકની નવી ફિલ્મ જિન્દગી ૫૦-૫૦ આજે રજુ થઈ.
- સુરતના ગોપી તળાવ વિસ્તારમાં ૧૪૦૦ મકાનોનું મેગાડિમોલેશન.
- આપઘાત રોકવા સ્કુલોમાં પોલીસની મુલાકાતો. નબળા વિદ્યાર્થીઓ પર બાજ નજર.
- અભી તો મૈ જવાન હું ૮૩ વર્ષના બોડી બિલ્ડર.
- કાશ્મીરમાં 'બુફે' ભોજનની શરૂઆત - રૂઢિચુસ્તો નારાજ.
- ગુજરાતમાં ૧૫મી જુનથી ચોમાસાનું વિધિવત આગમન-ચોમાસું સારું.
- આજે બુદ્ધ પૂર્ણિમાની ઉજવણી થશે.
- ૬ઠ્ઠી જુને એસ.ટી.ના પૈડા થંભી જશે. હડતાલનો અણસાર.
- આકાશમાં અધવચ્ચે રીલાયન્સનું વિમાન બગડયું. મોટી દુર્ઘટના ટળી.

## પક્ષમાં ગેરશિસ્તને નહીં ચલાવાય : રાહુલ ગાંધી

નવી દિલ્હી,તા. ૨૪

કોંગ્રેસના નાયબ અધ્યક્ષ રાહુલ ગાંધીએ પક્ષના નેતાઓને કઠોર શબ્દોમાં ચેતવણી આપતા કહ્યુ છે કે સોનિયા ગાંધી નરમ સ્વભાવના છે પરંતુ તેઓ નરમ સ્વભાવના નથી. રાહુલ ગાંધીએ દિલ્હીમાં કોંગ્રેસી નેતાઓને આગામી વિધાનસભાની ચૂંટણીમાં સતત ચોથી વખત પક્ષને જીત અપાવવા કામમાં લાગી



જવા સૂચના આપી છે. રાહુલે કહ્યુ છે કે સાથે મળીને કામ કરવામાં આવે તે મહત્વપૂર્ણ છે. રાહુલે એવો સ્પષ્ટ સંદેશ પણ આપ્યો હતો કે ગેરશિસ્તને કોઈ પણ સંજોગોમાં ચલાવી લેવામાં આવશે નહીં. રાહુલના કહેવા મુજબ સોનિયા ગાંધી નરમ સ્વભાવના છે પરંતુ તેઓ નરમ સ્વભાવના નથી. રાહુલે દિલ્હી પ્રદેશ કોંગ્રેસ કમિટીની ઓફિસમાં આશરે પાંચ કલાક સુધી જુદા જુદા જુથોમાં રહેલા કોંગ્રેસના કાર્યકરો સાથે વાતચીત કરી હતી. રાહુલે પક્ષના સાંસદો, ધારાસભ્યો, અન્ય વરિષ્ઠનેતાઓ સાથે પણ વાતચીત કરી હતી. વિધાનસભાની ચૂંટણીની તૈયારી શરૂ કરી લેવા અને સાથે સાથે પક્ષ અને સરકાર વચ્ચે યોગ્ય સંકલન જાળવવાની જરૂરિયાત પર રાહુલે ભાર મુક્યો હતો. દિલ્હીમાં આ વર્ષે નવેમ્બર અથવા ડિસેમ્બરમાં વિધાનસભાની ચૂંટણી યોજાનાર છે.

## કાન્સ ફિલ્મોત્સવમાંથી ૨૬ લાખ ડોલરનો હિરાનો હાર ગુમ

લંડન, તા. ૨૩

સમગ્ર દુનિયામાં મશહૂર કાન્સ ફિલ્મોત્સવે બીજીવાર ચોરીની ઘટનાનો સામનો કરવો પડ્યો છે. આ કાન્સ મહોત્સવમાં ૨૬ લાખ ડોલરના હિરાનો હાર ગુમ થઈ ગયો છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર આ અમુલ્ય હિરાનો હાર તથા બીજા ઘરેણા પેરીને ૨૦ મોડેલોએ રેમ્પ ઉપર કેટવોક કર્યુ હતું. આ ભવ્ય કાર્યક્રમમાં શેરેન સ્ટોન અને પેરિસ હિલ્ટન પણ ઉપસ્થિત હતા.

આ અમુલ્ય ઘરેણાની સુરક્ષાને ધ્યાનમાં રાખીને ૮૦ બોડીગાર્ડ સ્થાનિક પોલીસ હોટલના સુરક્ષા કર્મચારી તથા ડે ગ્રીસોગીનોના કર્મચારી પણ સલામતી માટે તૈનાત કરવામાં આવ્યા હતા. પરંતુ મોડી રાત્રે તપાસ દરમિયાન જાણવા મલ્યું કે ૨૬ લાખ ડોલરનો અમુલ્ય હિરાનો હાર ગુમ થઈ ગયો છે. પોલીસ આ મામલાની તપાસ કરી રહી છે પરંતુ હજી સુધી કોઈ મહત્વની કડી મળી શકી નથી.

## ભીષણ અથડામણ : સેનાના ૩ જવાનો શહીદ, કેટલાક ઘાયલ

**શહીદ થયેલા જવાનોની સર્વિસ રાઈફલ લઈને ત્રાસવાદી ફરાર થયા : પુલવામા ખાતે વધારાના જવાનો મોકલાયા**

જમ્મુ,તા. ૨૪

જમ્મુ કાશ્મીરના પૂલવામા જિલ્લામાં આજે આતંકવાદીઓ સાથેની એક અથડામણમાં સેનાના ત્રણ જવાનો શહીદ થયા હતા. દક્ષિણ કાશ્મીરના ત્રાલ વિસ્તારમાં આ અથડામણ થઈ હતી. સેનાના પ્રવક્તાએ માહિતી આપતા કહ્યું છે કે આ વિસ્તારમાં કેટલાક આતંકવાદીઓ છૂપાયેલા છે તેવી માહિતી મળ્યા બાદ શ્રીનગરથી આશરે ૪૦ કિલોમીટરના અંતરે સ્થિત પુલવામામાં ત્રાય વિસ્તારમાં બુછુ ગામમાં આતંકવાદ વિરોધી ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. સેનાના જવાનોએ આ ગામમાં જાળ બિછાવતાની સાથે નજીકના વન્ય વિસ્તારમાં છૂપાયેલા ત્રાસવાદીઓએ ગોળીબાર શરૂ કરી દીધો હતો. આ ગોળીબારમાં સેનાના ત્રણ જવાન શહીદ થયા હતા. ઓપરેશનના ભાગરૂપે વધારાના સુરક્ષા જવાનો ઘટના સ્થળે મોકલવામાં આવ્યા હતા. ત્રાસવાદીઓને શોધી કાઢવા માટે વિશેષ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. આ બનાવના સંબંધમાં વધુ વિગતની રાહ જોવામાં આવી રહી છે પરંતુ જમ્મુ કાશ્મીરમાં હાલના દિવસોમાં ફરી એકવાર આતંકવાદી પ્રવૃત્તિ વધી ગઈ છે. ઘણા વિસ્તારમાં આતંકવાદીઓ સાથે સેનાની અથડામણ હાલમાં થઈ છે. ગઈકાલે જ એક ખૂંખાર આતંકવાદીને ઠાર મારી દેવામાં આવ્યો હતો જે ઘણા વર્ષથી જમ્મુ કાશ્મીરમાં સક્રિય હતો. બિનસત્તાવાર અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે સેનાએ ઓપરેશન હાથ ધર્યા બાદ થોડાક સમય સુધી ગોળીબાર કર્યા બાદ આતંકવાદીઓ માર્યા ગયેલા જવાનોની સર્વિસ રાઈફલ સાથે ફરાર થઈ ગયા હતા. ફરાર થઈ ગયેલા ત્રાસવાદીઓને શોધી કાઢવા માટે હજુ ઓપરેશન ચાલી રહ્યું છે.

વધુ સંખ્યામાં સુરક્ષા જવાનો મોકલવામાં આવ્યા છે. જમ્મુ કાશ્મીરમાં સુરક્ષાદળો સ્થિતિને સુધારવામાં લાગેલા છે ત્યારે ફરી એકવાર આતંકવાદીઓ પોતાના કૃત્યો કરી રહ્યા છે. છેલ્લા બે દિવસમાં આતંકવાદી હિંસાના બે બનાવો આ બાબતનો સંકેત આપે છે.